ગુનેગારોના હાથ-પગ કાપો તો જ કાયદાનો ડર લાગશે: કર્ણાટક હાઈકોર્ટ

કાયદાએ તેના દાંત ગુમાવી દીધા છે, મિડલ ઈસ્ટના દેશોની સરખામણીએ અહીં ગુનો કરવો ખૂબ સરળ બની ગયો છે

હાઈકોર્ટે બળાત્કારના આરોપીની જામીન અરજી ફગાવી સખત ટિપ્પણીઓ કરી

બેંગ્લુરૂ, તા. 2: કર્ણાટક હાઈકોર્ટે બળાત્કારના એક 23 વર્ષીય આરોપીની જામીન અરજી ફગાવી દેતા દેશની કાયદો અને વ્યવસ્થા અંગે આકરી ટિપ્પણી કરી છે. જસ્ટિસ આર નટરાજે સુનાવણી દરમિયાન કડક શબ્દોમાં કહ્યું કે, અપરાધીઓ સાથે કડકાઈથી કામ ન લેવામાં આવતું હોવાના કારણે દેશમાં ગુનાખોરી સતત વધી રહી છે. કાયદાએ તેના દાંત ગુમાવી દીધા છે, જેના લીધે મિડલ ઈસ્ટના દેશોની સરખામણીએ અહીં ગુનો કરવો ખૂબ સરળ બની ગયો છે. જો ત્યાંની જેમ જ ગુનેગારોના હાથ કે પગ કાપી નાખવામાં આવે, કદાચ ત્યારે જ લોકોને કાયદાનું પાલન કરવાની જરૂરિયાત સમજાશે. લોકશાહી વ્યવસ્થા હોવાને કારણે અહીં દરેક વ્યક્તિ કાયદાને ખૂબ હળવાશથી લઈ રહી છે.

આ કડક અવલોકનો મણિપાલ ઈન્સ્ટિટ્યુટ ઓફ ટેકનોલોજીના વિદ્યાર્થી ગોપી રેડ્ડી કાર્તિક રેડ્ડીની જામીન અરજી પર સુનાવણી દરમિયાન કરવામાં આવ્યા હતા, જે 5 એપ્રિલથી ન્યાયિક કસ્ટડીમાં છે. હાઈકોર્ટે કહ્યું તેને હજુ 4-5 દિવસ જેલમાં રહેવા દો જેથી તેને જેલની આદત પડે અને પોતાના કૃત્યની ગંભીરતાનો અહેસાસ થાય. અદાલતે આ મામલે હવે પછીની વધુ સુનાવણી 8 જૂનના રોજ નક્કી કરી છે.

એક મહિલાએ ગોપી રેડ્ડી પર સપ્ટેમ્બર 2023માં તેની ઈચ્છા વિરુદ્ધ શારીરિક શોષણ કરવાનો આરોપ લગાવ્યો છે. ફરિયાદ મુજબ, આરોપીએ જુલાઈ 2023માં પ્રેમ હોવાનો દાવો કર્યો હતો, પરંતુ તેના ચરિત્ર પર શંકા જતા મહિલાએ સંબંધ તોડી નાખ્યા હતા. ત્યારબાદ 12 સપ્ટેમ્બર 2023ના રોજ વાતચીતના બહાને આરોપી તેને પોતાના ફ્લેટ પર લઈ ગયો અને બળાત્કાર ગુજાર્યો હતો. આ ઘટનાથી પીડિતા ભારે આઘાત અને ડિપ્રેશનમાં સરી પડી હતી. અદાલતે ચિંતા વ્યક્ત કરી છે કે ગુનાખોરી રોકવા માટે માત્ર કાયદા બનાવવા પૂરતા નથી, પરંતુ તેનું કડક અમલીકરણ પણ એટલું જ જરૂરી છે.

નેપાળના પીએમના નિવેદન વિવાદ પર હોબાળો શમતો નથી

વિરોધ પક્ષો અને વિદ્યાર્થી સંગઠનોએ પીએમ બાલેન શાહના રાજીનામાની માગ સાથે પ્રદર્શનો કર્યા

ભારતે સ્પષ્ટ કર્યું કે કાલાપાની, લિપુલેખ અને લિમ્પિયાધુરા ભારતના અભિન્ન અંગો છે

કાઠમંડુ, તા. 2: નેપાળના વડાપ્રધાન બાલેન્દ્ર 'બાલેન' શાહે સંસદમાં ભારત-નેપાળ સરહદ વિવાદને એકતરફી ન ગણાવતા દેશમાં રાજકીય તોફાન શરૂ થયું છે. વિરોધ પક્ષો અને વિદ્યાર્થી સંગઠનો તેમના આ નિવેદનને 'દેશવિરોધી' ગણાવીને રાજીનામાની માંગ સાથે રસ્તા પર ઉતરી આવ્યા છે. રવિવારે સંસદમાં શાહે કહ્યું હતું કે નેપાળે સરહદ પર કેટલાક સ્થળોએ ભારતીય ક્ષેત્રમાં અતિક્રમણ કર્યું છે. તેમણે વિવાદ ઉકેલવા માટે બ્રિટેનને સામેલ કરવાનો સંકેત પણ આપ્યો હતો કારણ કે બ્રિટીશ યુગના નક્શા તેમની પાસે છે.

ભારતીય વિદેશ મંત્રીના પ્રવક્તા રણધીર જયસ્વાલે મંગળવારે સ્પષ્ટ કર્યું કે કાલાપાની, લિપુલેખ અને લિમ્પિયાધુરા ભારતના અભિન્ન અંગો છે અને આ સરહદ બાબતો સંપૂર્ણપણે દ્વિપક્ષીય છે, જેમાં ત્રીજા પક્ષની કોઈ ભૂમિકા નથી. કાઠમંડુના માઈતીઘર મંડલા ખાતે વિદ્યાર્થીઓ અને 'તરુણ દળ' દ્વારા પીએમના બેજવાબદાર નિવેદન વિરુદ્ધ વિશાળ વિરોધ પ્રદર્શનો યોજાયા હતા. નેપાળી કોંગ્રેસ અને સીપીએન-યુએમએલની આગેવાની હેઠળ વિપક્ષી સાંસદોએ સંસદની કાર્યવાહી ઠપ કરીને પીએમ પાસે માફીની માગ કરી છે.

સ્થિતિ બગડતા નેપાળના વિદેશ મંત્રાલયે સ્પષ્ટતા કરી છે કે વડા પ્રધાન સત્તાવાર પ્રાદેશિક દાવાઓ અંગે નહીં.

પરંપરાના નામે સેંકડો વ્હેલની કતલ: દરિયાનું પાણી લાલ થઇ ગયું

ડેન્માર્કના ફારો ટાપુ પર દર ઉનાળામાં આ સામૂહિક કતલ કરવામાં આવે છે

હજાર વર્ષ જૂની આ પરંપરામાં લોકો પાયલોટ વ્હેલના માંસની ઉજાણી કરે છે

કોપનહેગન, તા. ૨: ડેન્માર્કના ફારો આઇલેન્ડ્સમાં એક વાર્ષિક પરંપરાના ભાગરૂપે આ વર્ષે પણ સેંકડો પાઇલટ વ્હેલની કતલ કરવામાં આવી છે.

ગ્રિન્ડ નામના ઉત્સવની ઉજવણીમાં ઉત્તર એટલાન્ટિક દ્વીપસમૂહનો દરિયાકિનારો પ્રાણીઓના લોહીથી સમુદ્રનો રંગ પરેશાન કરી દે તેવા ઘેરા લાલ રંગમાં બદલાઈ જતાં બિહામણો બની ગયો હતો, અને નાના બાળકો સહિતના ટોળાઓ અચકાટ વિના આ દ્રશ્ય જોઈ રહ્યા હતા. 'ગ્રિન્ડાડ્રેપ' અથવા ટૂંકમાં 'ગ્રિન્ડ' એ વાઇકિંગ્સ સમયની એક પરંપરા છે, જેમાં પાઇલટ વ્હેલ અને ડોલ્ફિનને ઘેરી લેવામાં આવે છે અને હોડીઓ દ્વારા છીછરા પાણી તરફ હાંકી જવામાં આવે છે. અને માછીમારો ૧,૦૦૦ વર્ષ જૂની ફેરોઇઝ પરંપરાના ભાગરૂપે કિનારા પર છરીઓ વડે નિર્દયતાથી તેમની કતલ કરે છે, ત્યારબાદ સ્થાનિક લોકો તેમનું માંસ અને ચરબી ખાય છે. દર ઉનાળામાં કરવામાં આવતી આ વિધિ સામે પ્રાણી અધિકારવાદીઓ ઘણો વિરોધ કરે છે પણ તેમનું કોઇ સાંભળતું નથી. સ્થાનિક લોકો કહે છે કે ગ્રિન્ડાડ્રેપ એ આ પ્રદેશની સાંસ્કૃતિક ઓળખનો એક અભિન્ન ભાગ છે અને આ પ્રસંગ સમાજ માટે મફત ખોરાક પૂરો પાડે છે.

સિંગર બાદશાહની નાઇટક્લબ 'સાગો' સીલ

ચંદીગઢ, તા. 2: ચંદીગઢ વહીવટી તંત્રે મંગળવારે રેપર અને ગાયક બાદશાહની નાઇટક્લબ 'સાગો બાય બાદશાહ'ને સીલ કરી દીધી હતી. સેક્ટર 26માં સ્થિત ક્લબમાં બિલ્ડિંગ બાયલોનું ઉલ્લંઘન કરવામાં આવ્યું હોવાનું જાણવા મળ્યા બાદ આ કાર્યવાહી કરવામાં આવી હતી. ચંદીગઢના ડેપ્યુટી કમિશનર નિશાંત યાદવે જણાવ્યું હતું કે, ક્લબમમાં અનેક નિયમોનું ઉલ્લંઘન કરવામાં આવ્યું હતું. તેમને નિયમિત કરવા માટે પૂરતો સમય અને ઘણી તકો આપવામાં આવી હતી, પરંતુ સૂચનાઓનું પાલન કરવામાં આવ્યું ન હતું.

રામ ચરણ તરફ દોડ્યો ચાહક ને જહાનવીના ઊડી ગયા હોશ!

ચેન્નાઇ, તા. 2 : 'પેડ્ડી'ના તાજેતરના પ્રમોશનલ ઇવેન્ટનો એક વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહ્યો છે, જેમાં એક ચાહક સુરક્ષા વ્યવસ્થા તોડીને અભિનેતા રામ ચરણ તરફ દોડી ગયો હતો. આ અણધારી ઘટનાને કારણે ઘટનાસ્થળે થોડા સમય માટે તણાવ સર્જાયો હતો અને સહ-કલાકાર જહાનવી કપૂર દેખીતી રીતે ચોંકી ગઈ હતી. આ વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થયો છે. આ અચાનક થયેલી હિલચાલથી કથિત રીતે જહાનવી કપૂર સહિત દરેક વ્યક્તિ આશ્ચર્યચકિત થઈ ગઈ હતી, જે આ ઘટના દરમિયાન એક ક્ષણ માટે સ્તબ્ધ થઈ ગયેલી દેખાઈ હતી.

સલમાનની ફિલ્મ કાલા હિરણના નિર્માતાઓને નોટિસ

મુંબઈ, તા. 2 : થોડા દિવસો પહેલા 'કાલા હિરણ: ધ બેટલ ફોર લેગસી' નામની ફિલ્મનું પોસ્ટર રિલીઝ થયું હતું અને તેનું ટીઝર 20 જૂને રિલીઝ થવાનું છે. હવે સલમાન ખાને આ ફિલ્મના નિર્માતાઓને કાનૂની નોટિસ મોકલી છે. અભિનેતા વતી 'ડીએસકે લીગલ' નામની ફર્મે કાસ્ટિંગ ડિરેક્ટર અક્ષય પાંડેને આ નોટિસ જારી કરી છે. નોટિસમાં આરોપ મૂકવામાં આવ્યો છે કે, અભિનેતાના કાળિયાર શિકાર કેસથી પ્રેરિત આ ફિલ્મ તેમની ઇમેજને નુકસાન પહોંચાડી શકે છે. વધુમાં આ ફિલ્મ કાળિયાર શિકાર કેસમાં કાનૂની કાર્યવાહીમાં પણ અવરોધ ઊભો કરી શકે છે.

રવીના ટંડનની માતાના રૂ.25 લાખનાં ઘરણાં ચોરાયાં

મુંબઈ, તા. 2 : મુંબઈના જુહુ વિસ્તારમાં અભિનેત્રી રવીના ટંડનના ભાઈ રાજીવ ટંડનના ઘરેથી આશરે રૂ. 25 લાખના સોનાના દાગીનાની ચોરીના કેસમાં પોલીસે 47 વર્ષીય મહિલાની ધરપકડ કરી છે. પોલીસના જણાવ્યા અનુસાર, આરોપી મહિલા ખારની રહેવાસી છે અને પરિવારની ખૂબ જ નજીક માનવામાં આવતી હતી. તે રવીના ટંડનની વૃદ્ધ માતાની સંભાળ રાખતી હતી અને વારંવાર તેમના ઘરે જતી હતી. એવો આરોપ છે કે, મહિલાએ ઘરમાં એક તિજોરી તોડીને રવીનાની માતાના સોનાના દાગીના અને રાજીવ ટંડનની બે મોંઘી ઘડિયાળો ચોરી લીધી હતી. રાજીવ ટંડનની ફરિયાદના આધારે જુહુ પોલીસે એફઆઈઆર નોંધી રાશિ છાબરિયાની ધરપકડ કરી હતી.

મહારાષ્ટ્ર સરકારે રૂ. ૧,૬૦૧ કરોડમાં કર્યો સોદો!

મુંબઈની પ્રતિષ્ઠિત 'એર ઈન્ડિયા બિલ્ડિંગ' હવે સરકારની

સચિવાલયની નજીક જ આ ઇમારત આવેલી હોવાનો મોટો લાભ

જુદા જુદા સ્થળે કાર્યરત રાજ્ય સરકારની કચેરીઓને આ બિલ્ડિંગમાં ખસેડવામાં આવશે

મુંબઈ, તા. ૨: મહારાષ્ટ્ર સરકારે વહીવટી સ્તરે ચાલી રહેલી જગ્યાની મોટી અછતને દૂર કરવા માટે એક ઐતિહાસિક પગલું ભર્યું છે. રાજ્ય સરકારે મુંબઈના નરીમાન પોઈન્ટ ખાતે આવેલી પ્રતિષ્ઠિત 'એર ઈન્ડિયા બિલ્ડિંગ'ને એર ઈન્ડિયા એસેટ્સ હોલ્ડિંગ લિમિટ પાસેથી ૧,૬૦૧ કરોડ રૂ.માં સત્તાવાર રીતે ખરીદી લીધી છે. સરકારના આ નિર્ણયથી છેલ્લા ઘણા સમયથી વિવિધ સરકારી વિભાગો દ્વારા સામનો કરવામાં આવી રહેલી જગ્યાની તંગીનો કાયમી ઉકેલ આવશે તેવી અપેક્ષા રાખવામાં આવી રહી છે.

હાલમાં મહારાષ્ટ્ર સરકારની અનેક કચેરીઓ મુંબઈના અલગ-અલગ વિસ્તારોમાં ભાડાની જગ્યાઓ પરથી ચાલી રહી છે. સરકાર આ તમામ કચેરીઓને હવે એર ઈન્ડિયા બિલ્ડિંગમાં સ્થાનાંતરિત કરવાનું આયોજન કરી રહી છે. બિલ્ડિંગનો કબજો મળ્યા બાદ, જાહેર બાંધકામ વિભાગ (PWD) દ્વારા તેમાં જરૂરી આંતરિક નવીનીકરણ હાથ ધરવામાં આવશે. સરકારનું લક્ષ્ય આ બિલ્ડિંગને એક વર્ષની અંદર સંપૂર્ણપણે વહીવટી ઉપયોગ માટે તૈયાર કરવાનો છે. આ ખરીદી પાછળનું મુખ્ય કારણ રાજ્યના મુખ્ય વહીવટી મથક 'મંત્રાલય' અને તેની એનેક્સ બિલ્ડિંગમાં છેલ્લા કેટલાક વર્ષોથી વર્તાઈ રહેલી ઓફિસ સ્પેસની ભારે અછત છે. આ સમસ્યા વર્ષ ૨૦૧૨માં મંત્રાલય સંકુલમાં લાગેલી ભીષણ આગ પછી વધુ ગંભીર બની હતી. એ સમયે લાગેલી આગને કારણે કેટલાય મહત્વના સરકારી વિભાગોને તાત્કાલિક ધોરણે ત્યાંથી બહાર ખસેડવા પડ્યા હતા. ત્યારબાદથી આ સરકારી કચેરીઓ મુંબઈના જુદા-જુદા વિસ્તારોમાંથી કામ કરી રહી છે, જેમાંથી કેટલીક તો સચિવાલયથી ઘણી દૂર આવેલી છે. આ વિખરાયેલી કચેરીઓ વહીવટી કામકાજમાં અવરોધ તો ઊભો કરતી જ હતી, સાથે-સાથે સરકારને તેના માટે દર મહિને મોટું ભાડું પણ ચૂકવવું પડતું હતું.

તિરુપતિ મંદિરમાં 'કાળા સોના'નો રેકોર્ડ

મે મહિનામાં જ ૧૨.૪૩ લાખથી વધુ ભક્તોએ કરાવ્યું મૂંડન!

અમરાવતી: તા. 2 : દુનિયાના સૌથી અમીર હિન્દુ મંદિર તિરુમાલા તિરુપતિ મંદિરમાં વાળના ચઢાવામાં જબરદસ્ત વધારો નોંધાયો છે. ભગવાન વેંકટેશ્વરના પહાડી મંદિરનું સંચાલન કરતા તિરુમાલા તિરુપતિ દેવસ્થાનમ (ટીટીડી)ના જણાવ્યા અનુસાર, 1 મેથી 27 મે વચ્ચે કુલ 12,43,063 ભક્તોએ પોતાના વાળ ચઢાવ્યા હતા. એટલે કે 12.43 લાખ ભક્તોએ મૂંડન કરાવ્યું હતું. આંધ્ર પ્રદેશના તિરુપતિ સ્થિત તિરુમાલામાં વાળના ચઢાવવાને લોકપ્રિય રીતે 'કાળા સોના' તરીકે ઓળખવામાં આવે છે. આ વર્ષે મે મહિનામાં 12.43 લાખથી વધુ ભક્તોએ પોતાની આસ્થાના પ્રતીક રૂપે પોતાનું માથું મુંડાવ્યું હતું.

અત્રે ઉલ્લેખનીય છે કે, તિરુમાલા (તિરુપતિ) સ્થિત ભગવાન વેંકટેશ્વરનું મંદિર લગભગ 1,700થી 5,000 વર્ષ જૂનું માનવામાં આવે છે.

ટીટીડીના જણાવ્યા અનુસાર, આ આંકડો પાછલા વર્ષોના સમાન ગાળામાં નોંધાયેલા આંકડાઓને અત્યારથી જ વટાવી ગયો છે. મે 2024 દરમિયાન લગભગ 10.65 લાખ ભક્તોએ વાળ ચઢાવ્યા હતા, જ્યારે ગયા વર્ષે આ જ ગાળામાં આ સંખ્યા 10.18 લાખ હતી. મંદિરના અધિકારીઓએ જણાવ્યું હતું કે, વાળ ચઢાવવાની વૃદ્ધિનું કારણ ઉનાળાના વેકેશનની સીઝન, વીકેન્ડની ભીડ અને સમગ્ર ભારત તેમ જ વિદેશથી તીર્થયાત્રીઓનું સતત આવવું છે.

પરિણીત પુત્રીને પણ અનુકંપાના ધોરણે નોકરી-લાયસન્સ મેળવવાનો પૂરો હક!

પરિણીત પુત્રીને પરિવારની વ્યાખ્યામાંથી બાકાત રાખવી એ ભેદભાવપૂર્ણ : સુપ્રીમ

પરિણીત પુત્રી એ તેના માતા-પિતાના કુટુંબમાં સમાવિષ્ટ નથી એવો હાઇકોર્ટનો ચુકાદો સર્વોચ્ચ અદાલતે રદ કર્યો

પોતાના પિતાના કુટુંબ વતી વાજબી ભાવની દુકાન માટેની પરવાનગી આવી પુત્રીને પણ આપી શકાય તેવો રાજ્ય સરકારને આદેશ

નવી દિલ્હી, તા. ૨(PTI): સુપ્રીમ કોર્ટે મંગળવારે ચુકાદો આપ્યો છે કે પરિણીત પુત્રીઓને અનુકંપાના ધોરણે નિમણૂક મેળવવામાંથી બાકાત રાખી શકાય નહીં, અને પરિવારની વ્યાખ્યામાંથી તેમનો સમાવેશ ન કરવો એ સ્પષ્ટપણે મનસ્વી, અયોગ્ય અને બંધારણીય રીતે ટકી નહીં શકે તેવું છે.

જસ્ટિસ પી.એસ. નરસિમ્હા અને આલોક અરાધેની ખંડપીઠે અલ્હાબાદ હાઈકોર્ટના એ આદેશને રદ કરતી વખતે આ અવલોકન કર્યું હતું, જેમાં એવું ઠરાવવામાં આવ્યું હતું કે અનુકંપાના ધોરણે નિમણૂકના હેતુ માટે પરિવારની વ્યાખ્યામાં પરિણીત પુત્રીનો સમાવેશ થતો નથી.

દેશની સર્વોચ્ચ અદાલત એક મૃતક ડીલરની પરિણીત પુત્રી દ્વારા દાખલ કરવામાં આવેલી અપીલ પર સુનાવણી કરી રહી હતી. આ મહિલાએ હાઈકોર્ટના એ આદેશને પડકાર્યો હતો, જેમાં અનુકંપાના ધોરણે વાજબી ભાવની દુકાનના ડીલર તરીકે નિમણૂક મેળવવાના તેના દાવાને ફગાવી દેવામાં આવ્યો હતો.

મહિલાએ ૨૦૧૯ ના એક સરકારી આદેશને પડકાર્યો હતો જે પરિણીત પુત્રીઓને પરિવારની વ્યાખ્યામાંથી બાકાત રાખતો હતો. સર્વોચ્ચ અદાલતે જણાવ્યું હતું કે પરિણીત પુત્રીને આ વ્યાખ્યામાંથી બાકાત રાખવાનો નિર્ણય ટકી શકે તેમ નથી, કારણ કે આશ્રિત ક્વોટા હેઠળ ફાળવણી કરવાનો મુખ્ય ઉદ્દેશ્ય નાણાકીય કટોકટીનો સામનો કરી રહેલા મૃતક ડીલરના પરિવારને તાત્કાલિક રાહત આપવાનો છે.

બૅંક ઑફ ઇંડિયા BOI Bank of India
ઝોનલ ઓફિસ, સુરત ઝોન : બેંક ઓફ ઈન્ડિયા બિલ્ડીંગ, ૧લો માળ, ઘોડદોડ રોડ, પાંજરાપોળ સામે, સુરત-૩૯૫૦૦૧

ઈ – હરાજી પરત ખેચવા અંગે

આથી તા: ૧૪/૦૫/૨૦૨૬ ના રોજ સંદેશ અખબાર માં પ્રસિદ્ધ થયેલ ઈ– હરાજી વેચાણ નોટીસના સંદર્ભમાં જણાવવાનું કે અ.નં. ૧૪, દેવાદાર : રાકેશબહાદુરસીંગ રાજપુત, બિના આર રાજપુત, નવાગામ કેસીઆર શાખા ની વિગતો તા : ૦૯/૦૬/૨૦૨૬ ના રોજ આયોજીત ઈ– હરાજી વેચાણ પ્રક્રિયામાંથી પરત લેવામાં આવેલ છે.

ઈ– હરાજી વેચાણ નોટીસની બીજી બધી વિગતો યથાવત રહેશે.

તા.૦૩.૦૬.૨૦૨૬ । સ્થળ : સુરત — અધિકૃત અધિકારી, બેંક ઓફ ઈન્ડિયા

ઋણ વસૂલી અધિકારી–II
ભારત સરકાર (નાણાં મંત્રાલય)
ચોથો માળ, ભીખુભાઈ ચેમ્બર્સ, દિપક પેટ્રોલ પંપ સામે, એલિસબ્રીજ, અમદાવાદ–૩૮૦૦૦૬.
ટેલી.નં.૦૭૯–૨૬૫૭૯૩૪૩, ફેક્ષ : ૦૭૯–૨૬૫૭૯૩૪૧
ફોર્મ નં. ૧૪ [જુઓ નિયમ ૩૩(૨)]

આર.પી/આર.સી. નં.	૨૪૮/૨૦૧૬	ઓ.એ. નં.	૪૫૧/૨૦૧૫
પંજાબ નેશનલ બેંક		પ્રમાણપત્ર ધારક બેંક	
વિરૂધ્ધ			
મેસર્સ વાનખેડે એન્ટરપ્રાઈઝ અને અન્ય		પ્રમાણીત દેવાદારો	

પ્રતિ,
માંગણા નોટીસ

પ્રમાણીત દેવાદાર નં. ૧ : મેસર્સ વાનખેડે એન્ટરપ્રાઈઝ, ,એક ભાગીદારપેઢી : પ્લોટ નં.૫૦,૫૧,૫૨, સુર્યાપુર ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટ, ઉમીયા ચોક, એ.કે.રોડ,સુરત.
પ્રમાણીત દેવાદાર નં. ૨ : શ્રી સુદામ શિવરામ વાનખેડે માલિક મેસર્સ વાનખેડે એન્ટરપ્રાઈઝ તેમનું સરનામું : ૭૦૨, આદિત્ય બિલ્ડીંગ, રાજહંસ સ્વપ્ના, સરસાણા જકાતનાકા, સુરત.
હાલનું રહેઠાણ : એલ–૧૦૨, રીપી વિહાર એપાર્ટમેન્ટ, વ્રજ ભુમી ટાઉનશીપ નજીક, માધવબાગ, પરવતપાટીયા, સુરત.

માનનીય પ્રિસાઈડીંગ ઓફિસર, ડેબ્ટ્સ રિકવરી ટ્રીબ્યુનલ–II અમદાવાદ દ્વારા પસાર કરાયેલ **ઓ.એ.નં.૪૫૧/૨૦૧૫** માં જારી કરાયેલ રિકવરી સર્ટિફિકેટને ધ્યાનમાં રાખીને **રૂ.૨૨,૭૬,૬૯૬/– (રૂપિયા બાવીસ લાખ છોત્તેર હજાર છસો છન્નું પુરા)** ની રકમ **તા.૨૬/૦૬/૨૦૧૫** ના રોજ વ્યાજ અને **તા.૨૭/૦૬/૨૦૧૫** ના રોજથી વધારાના વ્યાજ વત્તા કોસ્ટ **રૂ.૫૦,૦૦૦** સહિત તમારી સામે બાકી છે. (જો, કોઈ રીકવરી થઈ હોય તો તે બાદ કરવામાં આવશે.)

અહીં તમને જણાવવામાં આવે છે કે ઉપરોક્ત રકમ નોટીસ મળ્યાના ૧૫ દિવસમાં ભરપાઈ કરી દેવી તેમ કરવામાં કસૂર થયે નિયમ પ્રમાણે વસુલાત કરવામાં આવશે.

વધારામાં તમારે ઉપર દર્શાવેલ રકમ ઉપરાંત નીચે પ્રમાણે રકમ ચુકવવી પડશે.
(a) વસુલાત સર્ટીફીકેટમાં દર્શાવેલ શરત મુજબના ચુકવવા પાત્ર ખર્ચ અને વ્યાજ
(b) બાકી રકમની વસુલાત માટે થતા તમામ કોસ્ટ, ચાર્જીસ અને ખર્ચાઓ સહિત જેવા કે નોટીસ અંગેની કાર્યવાહી અને અન્ય આગળની કાર્યવાહીના.

મારી સહી અને પંચના સિક્કા સાથે આપવામાં આવ્યું ૧૩/૦૪/૨૦૨૬

આગળની સુનાવણીની તારીખ : ૧૨/૦૬/૨૦૨૬ (સિક્કો) **(રાજેશકુમાર શર્મા) વસુલી અધિકારી–II** ઋણ વસૂલી અધિકરણ–II, અમદાવાદ

बैंक ऑफ़ इंडिया BOI Bank of India
સુલતાનાબાદ શાખા : મુ.સુલતાનાબાદ– ડુમસ રોડ, આંબાવાડી, સુલતાનાબાદ, ડુમસ ટાઉન, સુરત ગુજરાત–૩૯૪૫૫૦, email : Sultanabad.surat@bankofindia.bank.in

પરિશિષ્ટ– ૪ (રૂલ–૮(૧) જુઓ) કબજા નોટીસ (સ્થાયી મિલકત માટે)

આથી નીચે સહી કરનાર **બેંક ઓફ ઈન્ડિયા, સુલતાનાબાદ શાખા, સુરત** ના અધિકૃત અધિકારીએ સિક્યુરીટાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રક્શન ઓફ ફાઈનાન્શિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યુરીટી ઈન્ટરેસ્ટ (એક્ટ) ૨૦૦૨ (૨૦૦૨ ના ૫૪) અને સિક્યુરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ ૨૦૦૨ ના રૂલ ૩ ની કલમ ૧૩(૧૨) સાથે વંચાણે લઈ **તા.૦૬/૧૦/૨૦૨૫** ના રોજ ડિમાન્ડ નોટીસ બજાવીને દેવાદાર/જામીનદાર/ગીરવેદાર **૧. શ્રી રાજેશકુમાર રામજી ગુપ્તા ૨. શ્રીમતી ધારા રાજેશકુમાર ગુપ્તા** ને નોટીસમાં દર્શાવેલ કુલ બાકી રકમ **રૂ.૬,૫૧,૨૯૫.૦૪/– (શબ્દમાં રૂા. છ લાખ એકાવન હજાર બસો પંચાણું અને ચાર પૈસા પુરા)** આ નોટીસ પ્રાપ્તીની તારીખ થી ૬૦ દિવસની અંદર ચુકવી દેવાનું જણાવ્યું હતું.

દેવાદાર/જામીનદાર આ રકમ ચુકવવામાં કસુરવાર ઠર્યા હોવાથી દેવાદારો અને જાહેર જનતાને અહીં નોટીસ આપવામાં આવે છે કે નીચે સહી કરનારે આ ધારાની કલમ ૧૩ (૪) ના (એક્ટ) રૂલ ૮ સાથે વંચાણે લઈ **તા.૩૧મી મે ૨૦૨૬** ના રોજ આ સંપત્તિનો **પ્રત્યક્ષ કબજો** સંભાળી લીધેલ છે.

ખાસ કરીને દેવાદાર/જામીનદાર અને જાહેર જનતાને અહીં ચેતવણી આપીને આ સંપત્તિ સાથે કોઈ પણ પ્રકારનો વ્યવહાર કે સોદો ન કરવાનું જણાવવામાં આવે છે. આ સંપત્તિ સાથે કોઈપણ પ્રકારનો વ્યવહાર કરવામાં આવશે તો તે **બેંક ઓફ ઈન્ડિયાના ,સુલતાનાબાદ શાખા, સુરત રૂા.૬,૫૧,૨૯૫.૦૪/– (શબ્દમાં રૂા. છ લાખ એકાવન હજાર બસો પંચાણું અને ચાર પૈસા પુરા)** તા.૦૬/૧૦/૨૦૨૫ ના રોજના વ્યાજ અને અન્ય ખર્ચાઓ નીચુકવણી સુધીના ને આધિન રહેશે.

દેવાદારોનું ધ્યાન દોરવાનું કે તમને નિયમ ૧૩ની પેટા કલમ ૮ ની જોગવાઈ મુજબ સુરક્ષીત મિલકતો છોડાવવા માટે પુરતો સમય આપેલ છે.

ગીરવેમુકેલ મિલકતનું વર્ણન

તમામ ભાગ અને હિસ્સો ધરાવતી સ્થાયી મિલકત કે જે મોતા, બારડોલી, ખાતે આવેલ **"શ્રી વિલા રેસીડન્સી ભાગ–૨"** ના નામે ઓળખાતી સોસાયટી નો પ્લોટ નં. ૧૮૭, પ્લોટ એરિયા માપ ૪૦.૨૬ ચો.મીટર (કે.જે.પી મુજબ) અને ૪૦.૧૩ ચો.મી, એટલે ૪૮.૦૦ ચો.વાર (સાઈટ મુજબ) + વણવહેંચાયેલ હિસ્સા માપ ૩૪.૩૭ ચો.મી કોમન રોડ અને સી.ઓ.પી ની જમીન રેવન્યુ સર્વે નં.૭૦, બ્લોક નં. ૧૧૯ માપ ૨૮૧૨૬.૦૦ ચો.મી, ગામ. મોતા, તા. બારડોલી, જી.સુરત ખાતે **શ્રી રાજેશકુમાર રામજી ગુપ્તા અને શ્રીમતી ધારા રાજેશકુમાર ગુપ્તા** ના નામે આવેલ છે. જેની ચતુર્દિશા **:પૂર્વ તરફ** : જોડનો સોસાયટી રોડ, **પશ્ચિમ તરફ** : જોડનો પ્લોટ નં. ૨૧૩ વિભાગ–૩, **ઉત્તર તરફ** : જોડનો પ્લોટ નં. ૧૮૬, **દક્ષિણ તરફ** :જોડનો પ્લોટ નં.૧૮૮ આવેલ છે.

તા. ૩૧.૦૫.૨૦૨૬ । સ્થળ : બારડોલી, સુરત — અધિકૃત અધિકારી, બેંક ઓફ ઈન્ડિયા, સુલતાનાબાદ શાખા

Repco Home Finance — રેપ્કો હોમ ફાઈનાન્સ લિમીટેડ
સુરત શાખા : પ્લોટ નં. ૬૬૮/બી અને ૬૬૮/સી, પહેલો માળ, વામા હાઉસ, રીંગ રોડ, ઉધના દરવાજા, સુરત, ગુજરાત -૩૯૫૦૦૨.

ઈ-હરાજી વેચાણ નોટીસ

સિક્યોરીટાઈઝેશન એન્ડ રીકન્સ્ટ્રક્શન ઓફ ફાઈનાન્શિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરીટી ઈન્ટરેસ્ટ એક્ટ - ૨૦૦૨ હેઠળ રેપ્કો હોમ ફાઈનાન્સ લિમીટેડને ગિરવે મુકેલ સ્થાવર મિલકતોનું વેચાણ.

જયારે **ઉધારકર્તા અને સહ ઉધારકર્તા એ રેપ્કો હોમ ફાઈનાન્સ લિમીટેડ, સુરત શાખા** પાસેથી લોન લીધેલ છે જેની સામે સ્થાવર મિલકતનું ગિરવે મુકેલ અહીં નીચે આપેલા શિડયુલમાં વધુમાં સંપૂર્ણ વર્ણવેલ છે. ઉધારકર્તાઓ લોનની રકમ ચુકવવામાં નિષ્ફળ ગયા હોવાથી, કંપનીએ સરફેસી એક્ટ - ૨૦૦૨ ની કલમ ૧૩(૨) હેઠળ ડીમાન્ડ નોટીસ જારી કરી છે જેમા કાયદાની કલમ ૧૩(૪) અને નિયમો ૮ અને ૯ સાથે વંચાણે કાયદા હેઠળ **"જેમ છે ત્યાં છે"** અને **"જેમ છે જે છે તે મુજબ"** માં નીચે દર્શાવેલ મુકરર મિલકત વેચવાનો નિર્ણય લીધો છે.

ઈ-હરાજીની તારીખ/સમય : ૦૭.૦૭.૨૦૨૬ ના રોજ સવારે ૧૧.૦૦ વાગ્યા થી બપોરે ૧૨.૦૦ વાગ્યા સુધી (૫ મિનિટના અમર્યાદિત ઓટો એક્સટેન્શન સાથે)

ઈ-ટેન્ડર સબમિટ કરવાની છેલ્લી તારીખ અને સમય : ૦૬.૦૭.૨૦૨૬ ના સાંજે ૪.૦૦ વાગ્યા સુધી

ક્રમ નં. ૧ :- ઉધારકર્તા : શ્રી મેહુલભાઈ સી સરધારા S/o શ્રી છગનભાઈ એ સરધારા, સહ - ઉધારકર્તા : શ્રીમતી હેતલબેન મેહુલભાઈ સરધારા W/o શ્રી સરધારા મહેલભાઈ, જામીનદાર : શ્રી વિજયભાઈ જયસુખભાઈ શીરોયા S/o શ્રી જયસુખભાઈ શીરોયા, ડીમાન્ડ નોટીસ : ૧૪.૦૭.૨૦૨૫, ડીમાન્ડ નોટીસ મુજબ રકમ (એકાઉન્ટ નં. ૨૦૧૧૮૧૧૦૦૦૦૭૧ અને ૨૦૧૧૮૨૦૦૦૦૦૭૨), રૂા. ૪૬,૭૪૫/- અને રૂા. ૩,૬૪,૧૯૧/- અનુક્રમે તા. ૦૪.૦૭.૨૦૨૫ ના રોજ થી ચડત વ્યાજ, કોસ્ટ અને ખર્ચાઓ સાથે, હાલની બાકી રકમ રૂા. ૪૯,૦૭૭/- અને રૂા. ૩,૭૯,૦૧૦/-, તા. ૨૬.૦૯.૨૦૨૫ સુધીના.

મિલકતનું વર્ણન : તમામ ભાગ અને હિસ્સા સાથેની મિલકતનો ફલેટ નં. ૨૦૮, જેનું સુપર બિલ્ટ અપ એરીયાનું આશરે ક્ષેત્રફળ ૫૮૩ સ્કે. ફીટ. એટલે કે ૫૪.૧૮ સ્કે.મી., બિલ્ટ અપ એરીયાનું ક્ષેત્રફળ ૩૮૭ સ્કે. ફીટ. એટલે કે ૩૫.૯૭ સ્કે.મી., બીજો માળ, હરીક્રિષ્ના રેસીડેન્સીની બિલ્ડીંગ નં. આઈ, અવિભાજીત હક્ક અને હિસ્સા સાથેની જમીનનું આશરે ક્ષેત્રફળ ૨૪.૬૬ સ્કે.મી., બિલ્ડીંગના બાંધકામ કરેલ જમીનનો બ્લોક નં. ૩૩૮/બી, ગામ - ઉમરા, તાલુકો - ઓલપાડ, જીલ્લો - સુરત. **ચતુ:સીમા : પૂર્વે** : જોડેનો બ્લોક નં. ૩૩૯, **પશ્ચિમે** : જોડેનો બ્લોક નં. ૩૩૮/એ, **ઉત્તરે** : જોડેનો બ્લોક નં. ૩૩૭, **દક્ષિણે** : જોડેનો રોડ.

અનામત કિંમત	ઈએમડી (અનામત કિંમતના ૧૦%)	ન્યૂનતમ બીડ વધારવાની રકમ
₹ 7,66,000/-	₹ 76,600/-	₹ 10,000/-

ઈ-હરાજીની તારીખ/સમય : ૧૪.૦૭.૨૦૨૬ ના રોજ સવારે ૧૧.૦૦ વાગ્યા થી બપોરે ૧૨.૦૦ વાગ્યા સુધી (૫ મિનિટના અમર્યાદિત ઓટો એક્સટેન્શન સાથે)

ઈ-ટેન્ડર સબમિટ કરવાની છેલ્લી તારીખ અને સમય : ૧૩.૦૭.૨૦૨૬ ના સાંજે ૪.૦૦ વાગ્યા સુધી

ક્રમ નં. ૨ :- શ્રી મહેશકુમાર ત્રિકમદાસ અગ્રવાત S/o શ્રી ત્રિકમદાર અગ્રવાત, સહ-ઉધારકર્તાઓ : શ્રીમતી ઉષાબેન મહેશકુમાર અગ્રવાત W/o શ્રી મહેશકુમાર અગ્રવાત, જામીનદાર : શ્રી વજુભાઈ પોપટભાઈ મકવાણા S/o શ્રી પોપટભાઈ ભીખાભાઈ મકવાણા,
ડીમાન્ડ નોટીસ તા. ૧૪.૦૭.૨૦૨૫ મુજબ રકમ (એકાઉન્ટ નં. ૨૦૧૧૮૭૦૦૦૦૫૩૬), રૂા. ૧૪,૪૭,૯૫૭/- તા. ૦૪.૦૭.૨૦૨૫ ના રોજ થી ચડત વ્યાજ, કોસ્ટ અને ખર્ચાઓ સાથે, પઝેશનની તારીખ : ૧૧.૧૨.૨૦૨૫, હાલની બાકી રકમ રૂા. ૧૬,૦૭,૭૨૯/-, તા. ૨૩.૦૫.૨૦૨૬ સુધીના.

મિલકતનું વર્ણન : તમામ ભાગ અને હિસ્સા સાથેની જમીન અને બિલ્ડીંગનો પ્લોટ નં. ૨૦૩, જેનું આશરે ક્ષેત્રફળ ૪૨.૩૮ સ્કે.મી., સુભ ગ્લોબલ વિલેજ, જે સ્થિત બીન ખેતીલાયક જમીનનો રેવન્યુ સર્વે નં. ૪૧ અને ૪૨ એટલે કે ૩૨ (કેજેપી મુજબનો બ્લોક નં. ૩૨/૨૦૩), ગામ - વેલંજા, તાલુકો - કામરેજ, જીલ્લો - સુરત. **ચતુ:સીમા : ● પૂર્વે** : જોડેનો રોડ, **● પશ્ચિમે** : પ્લોટ નં. ૨૦૬, **● ઉત્તરે** : પ્લોટ નં. ૨૦૨, **● દક્ષિણે** : પ્લોટ નં. ૨૦૪.

અનામત કિંમત	ઈએમડી (અનામત કિંમતના ૧૦%)	ન્યૂનતમ બીડ વધારવાની રકમ
₹ 19,18,000/-	₹ 1,91,800/-	₹ 15,000/-

ક્રમ નં. ૩ :- શ્રી સાગર મધુકર પાટીલ S/o શ્રી મધુકર દિગમ્બર પાટીલ, સહ-ઉધારકર્તા : (૧). શ્રીમતી અર્ચના સંજય શિંદે W/o શ્રી સાગર મધુકર પાટીલ, (૨). શ્રી મધુકર દિગમ્બર પાટીલ S/o શ્રી દિગમ્બર પાટીલ, (૩). શ્રી પ્રમીલા મધુકર પાટીલ W/o શ્રી મધુકુમાર પાટીલ અને જામીનદાર : શ્રી ગોકુલ ધોન્ડુ પાટીલ S/o શ્રી ધોન્ડુ પાટીલ,
ડીમાન્ડ નોટીસ તા. ૧૪.૦૭.૨૦૨૫ મુજબ રકમ (એકાઉન્ટ નં. ૨૦૧૧૮૭૦૦૦૦૮૦૩), રૂા. ૧૭,૯૨,૬૨૯/- તા. ૦૪.૦૭.૨૦૨૫ ના રોજ થી ચડત વ્યાજ, કોસ્ટ અને ખર્ચાઓ સાથે, પઝેશનની તારીખ : ૨૭.૧૦.૨૦૨૫, હાલની બાકી રકમ રૂા. ૧૯,૪૯,૬૨૩/-, તા. ૨૩.૦૫.૨૦૨૬ સુધીના.

મિલકતનું વર્ણન : ફલેટ નં. ૫૦૧, બિલ્ટ અપ એરીયાનું ક્ષેત્રફળ ૪૨.૩૫ સ્કે.મી., મંજુર કરેલ પ્લાન મુજબનો પાંચમો માળ, અવિભાજીકક સાથેની જમીનનો આર - બિલ્ડીંગ, સ્ટાર ગાર્ડન, બાંધકામ કરેલ જમીનનો બ્લોક નં. ૧૨૭૬, ક્ષેત્રફળ ૭૦૧૬ સ્કે.મી. અને બ્લોક નં. ૧૨૭૯, ક્ષેત્રફળ ૯૯૩૨ સ્કે.મી., ટી પી સ્કીમ નં. ૩૬ (વરીયાવ), અસલ પ્લોટ નં. ૨૯ અને ૩૧, ફાઈનલ પ્લોટ નં. ૩૦, ક્ષેત્રફળ ૪૫૬૧ સ્કે.મી. અને ફાઈનલ પ્લોટ નં. ૩૨, ક્ષેત્રફળ ૬૨૬૨ સ્કે.મી., રેવન્યુ સર્વે નં. ૧૩૪૧ અને ૧૩૪૫, ગામ - વરીયાવ, સબ જીલ્લો - અડાજણ, જીલ્લો - સુરત. **ચતુ:સીમા : ● ઉત્તરે** : બિલ્ડીંગ નં. ક્યુ, **● દક્ષિણે** : ખુલ્લી જમીન, **● પૂર્વે** : સીઓપી - ૨, **● પશ્ચિમે** : સીઓપી - ૧.

અનામત કિંમત	ઈએમડી (અનામત કિંમતના ૧૦%)	ન્યૂનતમ બીડ વધારવાની રકમ
₹ 19,75,000/-	₹ 1,97,500/-	₹ 15,000/-

ઈ-હરાજી પ્રક્રિયા માટે, કૃપા કરીને મે. ફોર ક્લોઝર, શ્રી ટી જયા પ્રકાશ રેડ્ડી -૮૧૪૨૦૦૦૦૬૪ નો સંપર્ક કરો. મિલકતના નિરીક્ષણ માટે ઈચ્છુક બોલી લગાવનારાઓ સવારે ૧૦.૦૦ થી સાંજે ૫.૦૦ વાગ્યા સુધીના તમામ કાર્યકારી દિવસોમાં રેપ્કો હોમ ફાઈનાન્સ લિમીટેડ, સુરત શાખાનો સંપર્ક નં. ૦૨૬૧-૨૩૯૯૫૦૫ અને ૯૯૭૮૯૭૮૩૭૩ નો સંપર્ક કરી શકે છે.

તારીખ : ૨૯.૦૫.૨૦૨૬ — અધિકૃત અધિકારી, રેપ્કો હોમ ફાઈનાન્સ લિમીટેડ

ટેન્ડર નોટિસ
બિરસા મુંડા ટ્રાયબલ યુનિવર્સિટી, રાજપીપલા, જિ.નર્મદા
(ગુજરાત એક્ટ નં.૧૫/૨૦૧૭ ધ્વારા સ્થાપિત સ્ટેટ યુનિવર્સિટી)

ટેન્ડર નોટીસ નં.: જા.નં.BMTU/ફા.નં.૬૦૮/જનરલ ટેન્ડર ફા./ ૮૪૩૪ થી ૮૪૪૩/૨૦૨૬, તા. ૦૧/૦૬/૨૦૨૬

On Line E-Tenders Notice

બિરસા મુંડા ટ્રાયબલ યુનિવર્સિટી, રાજપીપલા જિ.નર્મદા દ્વારા વિધ સેવા / સંસાધન - સુવિધા, સાધન-સામગ્રીનાં ભાવ મંજુર કરવા / એજન્સી પસંદગી કરવા નીચે મુજબની વિગતે ઓનલાઇન ટેન્ડર મંગાવવામાં આવે છે. રસ ધરાવતા ઇજારદારશ્રીઓ / એજન્સીઓ www.tender.nprocure.com પરથી વધુ માહિતી મેળવવા જણાવવામાં આવે છે.

SR. NO.	TENDER DETAILS
1	Bid for Annual Rate Contract for supply of Merchandise Products to Birsa Munda Tribal University, Rajpipla
2	Bid for Annual Rate Contract for supply of Printing Materials to Birsa Munda Tribal University, Rajpipla
3	Bid for Annual Rate Contract for supply of Cleaning Materials to Birsa Munda Tribal University, Rajpipla
4	Bid for Annual Rate Contract for supply of Stationery Products to Birsa Munda Tribal University, Rajpipla
5	Bid for Annual Rate Contract for supply of Answer books and Supplementary Sheets for Examinations to Birsa Munda Tribal University, Rajpipla
6	Bid for Annual Rate Contract for supply of Mandap, Decoration, Kitchen Equipment and Event Equipment Services to Birsa Munda Tribal University, Rajpipla
7	Bid for Annual Rate Contract for supply of Computer Spare Parts to Birsa Munda Tribal University, Rajpipla
8	Bid for Annual Maintenance Contract (AMC) for Xerox/Printer Machines and Annual Rate Contract (ARC) for their Toner/Cartridge Refilling and Spare Parts to Birsa Munda Tribal University, Rajpipla
9	Bid for Annual Rate Contract for supply of Sports Equipment to Birsa Munda Tribal University, Rajpipla
10	Bid for Annual Rate Contract for Aluminum Frame Partitioning Work & Fabrication Work to Birsa Munda Tribal University, Rajpipla
11	Bid for Annual Rate Contract for supply of Photography and Videography Services and Equipment to Birsa Munda Tribal University, Rajpipla
12	Bid for Annual Rate Contract for Water Purifier/ Water Tank /Septic Tank and Sock Pit Drainage Cleaning Work to Birsa Munda Tribal University, Rajpipla
13	Bid for Annual Rate Contract for Electric Item to Birsa Munda Tribal University, Rajpipla
14	Bid for Annual Rate Contract for supply of Chemicals, Reagents, Glassware, Plasticwares, Labware, Tech ware, And Kits Birsa Munda Tribal University, Rajpipla
15	Bid for Annual Rate Contract for supply of Instruments for Physics, Chemistry and Biology Labs for Birsa Munda Tribal University, Rajpipla
16	Bid for Annual Rate Contract for Supply and Refilling of Fire Extinguishers to Birsa Munda Tribal University, Rajpipla

ઉપરોક્ત વિગતો ધ્યાને લઇ લાયક એજન્સીઓએ સુચનાનુસાર ટેન્ડર રજુ કરવા વિનંતી.
૧. ટેન્ડર ડોક્યુમેન્ટ્સ www.tender.nprocure.com પર પ્રસિધ્ધ થવાની તા.૦૨/૦૬/૨૦૨૬.
૨. પ્રિબિડ તા.૦૮/૦૬/૨૦૨૬, ૧૧-૩૦ કલાકે બિરસા મુંડા ટ્રાયબલ યુનિવર્સિટી, રાજપીપલા કાર્યાલય ખાતે.
૩. ઓનલાઇન બીડ ડોક્યુમેન્ટ્સ રજુ કરવા અંગેની અંતિમ તા.૨૨/૦૬/૨૦૨૬.
૪. ફરજિયાત રીતે રજીસ્ટર્ડ પોસ્ટ મારફતે જ બીડ ડોક્યુમેન્ટ્સ બિરસા મુંડા ટ્રાયબલ યુનિવર્સિટી, રાજપીપલા ખાતે રજુ કરવાની અંતિમ તા.૨૫/૦૬/૨૦૨૬,

સ્થળ :- રાજપીપલા
તા. :- ૦૧/૦૬/૨૦૨૬
માહિતી/નર્મદા/૭૭/૨૦૨૬-૨૭
કા.કુલસચિવ
બિરસા મુંડા ટ્રાયબલ યુનિવર્સિટી
રાજપીપલા